# SPIRITUAL IGNITE YOUTH

અંક-૮

“એ નિયમશાસ્ત્ર તારા મો માંથી જાય નહિ,પણ દિવસે તથા રાત્રે તેનું મનન કર,કે તેમાં જે બધું લખેલું છે તે તું કાળજીથી પાળે,કારણકે ત્યારે જ તારો માર્ગ આબાદ થશે,અને ત્યારે જ તું ફતેહ પામશે.” – યહોશુઆ ૧:૮



# સ્પિરિચ્યુઅલ ઈગ્નાઈટ યુથ

- ખ્રિસ્તી જુવાનો માટેનું અજોડ સામાયિક

Spiritual Ignite Youth

Igniting Fire of Holy Spirit

# અનુક્રમણિકા


૧. તંત્રીની કલમે :-

૨. બોલતું જીવન :-

૩. ઈગ્નાઈટ બાઈબલ ક્વિઝ :-

૪. ઈસુ ખ્રિસ્તનું રહસ્ય :-

૫. બાઈબલ અને વિજ્ઞાન :-

૬. ઈગ્નાઈટ બાઈબલ મનન :-

૭. મારો દેવ સાથેનો મુલાકાત મંડપ :-


Spiritual Ignite Youth (C) Copyright (15th August , 2020) All Rights Reserved

Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

## ૧. તંત્રીની કલમે :-

**ખ્રિસ્ત** ઈસુમાં પ્રેમી સલામ ,

મિત્રો આ વખતે ઇગ્નાઈટ મેગેઝિન માટે ઘણી રાહ જોઈ હશે,જે રીતે આ ઇગ્નાઈટ મેગેઝિન દ્વારા દેવનું કાર્ય થઇ રહ્યું છે તે જ રીતે શત્રુ શૈતાન પણ ચુપ બેસી રહ્યો નથી,આ કાર્ય ને અટકાવવાને માટે તે ખુબજ પ્રયત્ન કરી રહ્યો છે,આ દિવસોમાં અમે એક આત્મિક દબાણનો અનુભવ કરી રહ્યા છીએ તેથી જ મિત્રો અમે આપની પાસેથી પ્રાર્થનાનાં ટેકાને માંગીએ છીએ,મિત્રો વોટ્સએપ,ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ,યુ-ટ્યુબ એમ સોસીયલ મીડિયા દ્વારા શૈતાન જગત તેમજ જગતનાં વાના તરફ જુવાનો ને ખેંચી લઇ જઈ રહ્યો છે,બોલીવુડ ફિલ્મો,ગીતો અને ટીવી સિરીયલો તેમજ મોબાઈલ ની ગેમો દ્વારા એક જાળ પાથરી ને એક ચતુર શિકારીની જેમ આત્મહત્યા,પોર્નોગ્રાફી,વ્યસનનાં પાશમાં તે લોકોને સપડાવી રહ્યો છે. આવનાર દિવસોમાં હિન્દી ભાષામાં પણ આ મેગેઝિનની માંગ વધતી હોઈ આપણી રાષ્ટ્રીય ભાષા માં આ મેગેઝિન નું પ્રકાશન કરવા માંગીએ છીએ.આ માટે ખાસ પ્રાર્થના કરશો,તેમજ ઇગ્નાઈટ યુથ દ્વારા આયોજિત પ્રાર્થના-સાંકળમાં પણ આપ ભાગ લેશો.અને જો આ દિવસોમાં પ્રભુ તમને કોઈ સ્તુતિ-આરાધનાનું ગીત કે લેખ આપે છે તો આપ પણ આ અમારા ઈ-મેલ અને વોટ્સપ્ દ્વારા આપની કૃતિ મોકલી શકો છો.આ મેગેઝિનનું કોઈ પણ લવાજમ નથી પરંતુ અમે આપની “પ્રાર્થનાઓ રૂપી લવાજમ”ની અપેક્ષા રાખીએ છીએ.

> “હું એક મહાન ઉપદેશક બનવા કરતાં પ્રાર્થના કરવું પસંદ કરું છું; ઈસુ ખ્રિસ્તે ક્યારેય તેમના શિષ્યોને ઉપદેશ કેવી રીતે આપવો તે શીખવ્યું નહીં, પણ ફક્ત પ્રાર્થના કેવી રીતે કરવી તે શીખવ્યું.”
>
> **- ડી.એલ.મૂડી**

Spiritual Ignite Youth (C) Copyright (15th August , 2020) All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

# ૨. દેશ ભક્તિ ગઝલ : હિન્દનાં યુવાનો જાગો :-

ટેકઃ અરે ઓ હિંદના યુવાન, રહ્યા શું ભૂલમાં ભારે ?
બનોને ખ્રિસ્તના સૈનિક તમારા દેશને માટે.

૧ સમય બારીક આવે છે, શૂરા સૈનિક થાઓને;
ગ્રહી લો યુદ્ધ સામગ્રી તમારા દેશને માટે.

૨ કસોને સત્યથી કમર, ધરોને ન્યાયનું બખ્તર;
સુવાર્તા શાંતિની પગમાં તમારા દેશને માટે.

૩ ધરો વિશ્વાસ કેરી ઢાલ, હોલવવાને ભૂંડાનાં બાણ;
ધરો શિર ટોપ તારણાનો તમારા દેશને માટે.

૪ ગ્રહો તરવાર આત્માની, પ્રભુની વાત એ માની;
ચલાવોને ચપળતાથી તમારા દેશને માટે.

૫ ડરો નહિ, ખ્રિસ્ત છે આગે, તમારી જીત તો થાશે;
પડો યાહોમ કરીને આજ તમારા દેશને માટે.

૬ તમારું જોર બતલાવો, શેતાની રાજ પલટાવો;
વિજયધ્વજ આજ ફરકાવો તમારા દેશને માટે.

૭ હૃદયનો રાજવી થઈને હવે ફાવી ગયો છે તે,
હઠાવી તેહને લડજો તમારા દેશને માટે.

૮ નહિ પરવા કરો તનની અગર મોટાઈ કે ધનની;
કરો તમ દેહનું અર્પણ તમારા દેશને માટે.

૯ જગત જ્યોતિ થયો ઈસુ, પછી શું આપણે ડરશું ?
ઘટે તો પ્રાણ અર્પીશું વહાલા હિંદને માટે.

કર્તાઃ ફિલિપ એચ. ક્રિશ્ચિયન

(ભજન સંગ્રહ ગીત નંબર : ૪૬૨ )

Spiritual Ignite Youth (C) Copyright (15th August , 2020) All Rights Reserved

Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

## બાઈબલ ક્વિઝ ( પ્રેરિતોને કૃત્યો )

(જો તમે આ ક્વિઝનાં બધા સાચા જવાબો 8980253048 પર મોકલી આપશો તો તમારું નામ આવતા અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.નામ,ગામનું નામ,જન્મતારીખ સાથે *સાચા જવાબો સંદર્ભ સહિત* વોટસએપ/SMS કરશો તા.૩૦.૦૮.૨૦૨૦ સુધી મોકલી આપશો.)

**૧. જન્મથી લંગડા માણસને પિતર અને યોહાન દવારા કઈ જગ્યા એ સાજો કરવામાં આવ્યો હતો ?**

(A) શિલોહ કુંડ પાસે (B) બેથસૈદા કુંડ પાસે
(C) સુંદર નામના દરવાજા આગળ (D) મેઢા ભાગળ પાસે

**૨. પ્રેરિતોના સમયમાં જમવાનું વહેંચવાને માટે કેવા વ્યકિતઓની નિમણૂંક કરવામાં આવી ?**

(A) જ્ઞાન અને બુધ્ધિથી ભરપૂર
(B) પ્રશંસા અને વખાણ પામેલા
(C) માન અને ધનથી ભરપૂર
(D) પવિત્ર આત્માથી તથા જ્ઞાનથી ભરપૂર

**૩. "તમે જીવનના અધિકારીને મારી નાખ્યો.તેને દેવે મૂએલામાંથી ઉઠાડયો "આ વાકય કોણે કહયું હતું ?**

(A) પિતર (B) યોહાન
(C) યાકુબ (D) માથ્થી

**૪ . પ્રેરિતોના સમયમાં લોકો કયાં એકઠા થતા હતા ?**

(A) યરૂશાલેમની બહાર (B) સુલેમાનની પરસાળમાં
(C) જૈતુન પહાડ પર (D) ઉપલી મેડીમાં

**૫.) " બાર્નાબાસ "નો અર્થ શું છે ?**

(A) "ખડક" (B) ગર્જનાનાં દીકરો
(C) સુબોધનો દીકરો (D) પ્રેરિતનો દીકરો

**૬. અનાન્યાનું મરણ થયું ત્યારબાદ કેટલા સમય પછી સફિરા પ્રેરિતોની પાસે આવી ?**

(A) ત્રણેક કલાક (B) ચાર કલાક
(C) નવમી હોરાએ (D) ત્રીજા પહોર પછી

**૭. પિતર અને યોહાન શું બોધ કરતા હતા કે જેના કારણે યાજકો , મંદિરનો સરદાર તથા સદૂકીઓ દવારા તેમને બંદીખાનામાં નાખી દેવામાં આવ્યા ?**

(A) ખ્રિસ્ત ઈસુ નું પુનરાગમન છે.
(B) ઇસુમાં મૂએલાઓ નું પુનરુત્થાન છે.
(C) ખ્રિસ્ત ઈસુ એ જ ઉદ્ધારકર્તા છે.
(D) પસ્તાવો કરો અને બાપ્તિસ્મા લો.

**૮. વિશ્વાસ કરનારાઓનું મંડળ કેવું હતું ?**

(A) એક મનનું તથા એક જીવનું
(B) બંધુ પ્રીતિ થી ભરપૂર
(C) શુદ્ધ અને પવિત્ર
(D) પ્રેમથી ભરપૂર

**૯. પિતર તથા યોહાન દવારા જે જન્મથી લંગડો માણસ સાજો થયો હતો તે માણસની ઉંમર કેટલી હતી ?**

(A) ૩૮ વર્ષ (B) ૪૯ વર્ષ થી વધારે
(C) ૪૦ વર્ષથી વધારે (D) 33 વર્ષ

**૧૦ . જયારે લોકો સ્તેફનની સામે વાદવિવાદ કરવા લાગ્યા ત્યારે તેઓ તેમની સામે ટકી શકયા નહિ ,કારણ કે, ...............**

(A) તે નિયમશાસ્ત્રનાં સિદ્ધાંતો જાણતો હતો.
(B) તે મોટે ઘાંટે પોકારી ને બોલતો હતો.
(C) તે આત્માની પ્રેરણાથી બોલતો હતો.
(D) તે વાક ચાતુર્ય થી બોલતો હતો.

(અંક-૭ નાં સાચા જવાબો આપનારની યાદી છેલ્લા પેજ પર)

શું તમે વિચાર્યુ છે કે એક દિવસ તમારા મૃત્યુ પછી પરમેશ્વર પાસે જશો, અથવા ગગનગમન વખતે તમે દેવની સાથે સદાકાળ સુધી રહેશો,ત્યાં એવું થઈ શકે કે કેટલીક બાબતોને માટે તમે દુઃખી થઈ શકો.

1. *એવું થઈ શકે છે તમારા કોઈ પ્રિય વ્યક્તિને તમે ત્યાં જોશો નહી.*
2. *એવું તમને લાગે કે તમે  જ્યારે પૃથ્વી પર હતા ત્યારે દેવને માટે જેટલું કરવું જોઈતું હતું તેટલું કર્યુ નહી.*
3. *તમે એ જાણ્યું નહીં જે તમારા માટે ઉપલબ્ધ હતું (ખૂલ્લુ મુકેલ)*
4. *તમે એ નહીં જાણ્યું કે તમે પોતાના આંતરિક મનુષ્યમાં શું હતાં?*

હું વિચારૂં છું કે છેલ્લા બે મુદ્દાઓ આપણા માટે બીજા મુદ્દાઓ કરતાં વિશેષ દુઃખદાયક અને હચમચાવી નાખનારા હશે  આ વિશ્વાસીઓને માટે દુઃખદ પ્રસંગ હશે, તેઓ કદાચ વિલાપ કરશે અને કહેશે, – મારી અંદર આ બધું હતું, હું  આત્મામાં આવો હતો, હું આ બાબત જાણી શક્યો નહીં, મેં એ બધું જાણ્યું નહીં જે મારા માટે પ્રાપ્ય અથવા ખુલ્લુ હતું.

એક ગરીબ વ્યક્તિએ પોતાના આખા જીવન દરમિયાન પોતાના બાળકોનું પાલન–પોષણ કરવામાં દુઃખ અને પીડાથી સંઘર્ષ કર્યો અને તેના જીવનનાં અંત ભાગમાં તેને કોઈકે તેમને જણાવ્યું, મહાશય, આ સઘળી માલ–મિલકત અને દોલત તેમજ બેંકનું ધન તમારું છે. તમારા પિતા તમારા માટે આ સઘળું છોડી ગયા છે.? આ સમયે તે ગરીબની ભાવનાને તમે સમજી શક્યાં હશો. તે ધનવાન હોવા છતાં પોતાનાં જીવનભર સંઘર્ષ કર્યા કર્યો કારણ કે તે પોતાના વારસા સંબંધી જાગૃત ન હતો.આત્મિક રૂપમાં  આપણી સાથે પણ આવું જ છે, ઓહ! એ કેટલું બધું દુઃખદાયક છે.

કેથિરન કુલ્હમેન, જે પરમેશ્વરની એક મહાન દાસી હતી, જેની સેવામાં ખૂબ જ સારા પરિણામો હતા, તેણે એકવાર કહ્યું, જો હું પવિત્ર આત્માની સાથે સહયોગ કરવાના હજી પણ વધારે સારી યોજનાઓ જાણી શકત તો મારી સેવાકાર્યમાં મને ઘણાબધાં સારા પરિણામ મળી શકતે

Spiritual Ignite Youth (C) Copyright (15th August , 2020) All Rights Reserved

Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

આપણામાંથી મહત્તમ વિશ્વાસીઓ, જે સ્વર્ગમાં જશે, ત્યારે રડશે અને કહેશે, કદાચિત હું આ બાબત (સત્ય) જાણતો હોત..... તે જાણતો હોત તો હું એક અલગ પ્રકારનું જીવન વ્યતિત કરત. અને ખ્રિસ્તને માટે વધુ કામ કરી શકત.

દા,ત. એક વિશ્વાસી વ્યક્તિ જો પવિત્રઆત્માના વરદાનો વિષે જાણતો નથી, જ્યારે તે સ્વર્ગમાં જશે ત્યારે તે કહેશે, કદાચિત હું પવિત્રઆત્માના કૃપાદાનો અને ફળ વિશે જાણતો હોત તો, હું ખ્રિસ્તને માટે ઘણું બધું કરી શક્યો હોત.?

એક અન્ય વિશ્વાસી જે પરમેશ્વરનાં મનુષ્યને આપેલા અધિકારોનાં વિષયમાં જાણતો નથી. તે રૂદન સાથે સ્વર્ગમાં એવું કહી શકે છે કે, હું એમજ બિનજરૂરી રીતે પોતાનાં જીવનને દુભાગ્યપૂર્વક જીવતો રહ્યો અને સહન કરતો રહ્યો. જો હું જાણતો હોત તો હું અલગ પ્રકારનો વ્યક્તિ બની જાત.

જ્યારે મેં આ બાબત જાણી ત્યારે આંસુઓની સાથે મેં પરમેશ્વરને શોધ્યા. મેં કહ્યું હું એ આશિષિત વ્યક્તિઓમાંથી એકનાં સમાન થવાં માંગુ છું. જે દેવની સમક્ષ ઊભાં રહીને કહી શકે કે, હે પ્રભુ હું તારો આભાર માનું છું કે મેં કશું પણ ગુમાવ્યું નથી.

મેં આગળ કહ્યું, પ્રભુ હું અહી એ બાબતોને માટે રડી રહ્યો છું, જેના માટે સ્વર્ગમાં મારે રડવું ન પડે જે મારા માટે અહીં પ્રાપ્ત કરી શકાય તેવું છે. અને એ બાબત જે કે હું અંદર મારા આત્મામાં કેવો છું? આ પ્રકારની પરમેશ્વરની આગળ મારી પ્રાર્થના હતી, હું મહેસુસ કરૂં છું કે પરમેશ્વરે એ સાંભળ્યું છે અને આ પુસ્તક એ જ પ્રાર્થનાનું પરિણામ છે. એકવાર, એક શહેરમાં હું કેટલીક સભાઓ પૂરી કર્યા બાદ ઘરે આવ્યો મેં પોતાનું બેગ મારા પલંગની બાજુમાં રાખ્યું અને પોતાના દૈનિક કાર્યમાં વ્યસ્ત થઈ ગયો બે અથવા ત્રણ દિવસ પછી મને એવો અનુભવ થયો કે કેટલીક વસ્તુઓ ખરીદવામાં મને ધનની ઘટ પડી રહી છે, હું બિલ્કુલ નિ:સહાય હતો મારે મારા નિર્ધારિત કાર્યક્રમની સાથે ચાલતા જવાનું હતું મારી પાસે સમય ન હતો. મને ધનની ખૂબ જરૂરિયાત હતી. અંતે મેં નિર્ણય કર્યો કે હું મારા પ્રિય મિત્રની પાસેથી ઉધાર લઈશ જે સામાન્ય રીતે સ્થાનિક કાર્યક્રમોમાં મારી સાથે રહે છે. મેં તેની પાસે 100 રૂપિયા ઉધાર લીધા અને કહ્યું કે, હું તમને થોડા સમય પછી પાછા આપીશ અને કહ્યું. મને 100 રૂપિયા આપ્યા, સઘળામાં હું બહારથી સંતોષી

તો દેખાયો પરંતુ હૃદયમાં ખૂબ જ અપ્રસન્ન અને દુ:ખી હતો, મેં કહ્યુઃ હું ઉધાર માગવાની સ્થિતિ સુધી કેમ પહોંચ્યો તે પણ રૂપિયા 100? બાઈબલ કહે છે કે તું ઉધાર લઈશ નહીં, અને હું પોતે પણ તેને પ્રચાર કરૂં છું મેં કહ્યું. પ્રભુ આ સઘળું શું છે? તમે આવું કેમ થવા દીધું કે હું આવી ઉધાર લેવાની સ્થિતિ સુધી પહોંચ્યો. – ખેર, મેં તે દિવસના કાર્યક્રમને પતાવ્યો અને ઘરે પરત ફર્યો. ઘરે આવ્યા પછી મારી પ્રિય પત્ની મધુએ કહ્યું, મુસાફરીએથી આવ્યા બાદ ત્રણ દિવસ થઈ ચૂક્યા છે અને તમારૂં બેગ હજી પણ પલંગની બાજુમાં જ પડેલું છે? તમે તેને ઉઠાવીને કબાટ ઉપર કેમ નથી મુકી દેતા? અને મેં તે થેલાને ઉઠાવ્યો, મેં જે દિવસે ઘરે પહોંચ્યો હતો તેજ દિવસે હું મારા કપડા તેમજ બાઈબલ તે થેલામાંથી કાઢી ચૂક્યો હતો. અંતે હું થેલાને ઉઠાવીને કબાટ ઉપર મુકવા જઈ રહ્યો હતો, અને જેવો મારો થેલો ત્રાસો થયો મેં અનુભવ કર્યો કે તેમાં કોઈ વસ્તુ હાલી રહી છે. મેં તેની અંદર જોયું અને ત્યારે તેમાં ઘણા બધા કવર હતા, મેં યાદ કર્યુ કે જે આયોજકો અને અન્ય લોકોએ જે નગરમાં મેં સભા કરી હતી. તેઓએ ભેટ સ્વરૂપે આપ્યા હતા જેમાં એવું લખવામાં આવ્યું હતું કે ભાઈ આ અમારા તરફથી પ્રેમભેટ છે. મેં એ કવર લઈને ખોલ્યા અને જોયું કે તેમાં પૈસા મૂકેલા હતા, જ્યારે મે તે ગણ્યા ત્યારે મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. તે 2000 રૂપિયા કરતા વધારે હતા, મેં કહ્યુ અરે! જો કે મારી પાસે આટલા બધા રૂપિયા કરતા વધારે હતા, મેં કહ્યું અરે! જો કે મારી પાસે આટલા બધા રૂપિયા હતા, છતાં પણ મેં મારા મિત્ર પાસે એકસો રૂપિયા ઉધાર લીધા હું મારા મુર્ખતાભર્યા કાર્યને લીધે ખૂબ દુ:ખી અને ખેદિત થયો. મેં કહ્યું. આગલી વખતે આવી ભૂલ થવા દઈશ નહિ, તમે જાણો હું આ બાબતને માટે પરમેશ્વરને દોષ આપી રહ્યો હતો કે તેમણે મને આવી પરિસ્થિતિમાં પહોંચાડી દીધો કે મારે 100 રૂપિયા ઉધાર માંગવા પડયા.

બીજી બાજુ પરમેશ્વરે જોયું અને કહ્યું હશે, આ વ્યક્તિને જુઓ! કેટલો બધો અજાણ્યો છે મેં તેને 2000 રૂપિયા વધારે આપ્યા છે અને તે તેનાં ઓરડામાં છે, અને તેના ખાટલાની બાજુમાં રાખ્યા છે જ્યાં તે ઉંઘે છે, છતાં પણ તેને ખબર નથી અને


Spiritual Ignite Youth (C) Copyright (15th August , 2020) All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

બીજા વ્યક્તિ પાસે ઉધાર માંગી રહ્યો છે અને પોતાની જાતને શરમમાં નાખી રહ્યો છે મારી પાસે બધું જ હતું પણ વિના કારણ હું દુઃખ ઉઠાવી રહ્યો હતો.

મોટા ભાગના વિશ્વાસીઓ પરિસ્થિતિઓ, સમસ્યાઓ, બિમારીઓ, ગરીબી અને મૃત્યુ સુધી સંઘર્ષ કરી રહ્યા છે તેનું કારણ એ જ છે કે જે કઈ  તેમને આપવામાં આવ્યું તેનાથી તેઓ અજાણ્યા છે તે પોતાનાં આત્મિક અધિકારોથી અજાણ્યા છે.આમાંથી મોટાભાગનાં વિશ્વાસીઓ આ ધરતી પર પોતાના અમૂલ્ય સમયને વેડફી રહ્યા છે, તેઓ પરમેશ્વરની પાસે ફરી ફરી એજ બાબતોને માંગ્યા કરે છે જે પરમેશ્વરે પહેલેથી જ તેમને પુત્ર ઈસુ ખ્રિસ્તની સાથે જ આપી દીધેલ છે.

તમારે બાઈબલનો ઊંડાણપૂર્વક અધ્યયન કરવું જોઈએ અને એ સત્ય બાબતોની સાથે પૂરી રીતે પરિચિત થઈ જવું જોઈએ જેણે પોતાના પુત્ર ઈસુની સાથે 2000 વર્ષ પૂર્વે આપી જ દીધું છે. બાઈબલ એફેસી 1  : 3 માં કહે છે કે આપણે અગાઉથી જ આશિર્વાદિત થઈ ગયેલા છે. તમારી જાણકારીને માટે અહીં કેટલીક બાબતો છે જે ખ્રિસ્ત ઈસુની સાથે આ સંસારમાં આવી અને જો આપના જીવનમાં ઇસુ ખ્રિસ્ત છે, જો તમે ખ્રિસ્તને પોતાનાં પ્રભુ અને તારણહાર માનીને ગ્રહણ કર્યા છે, ત્યારે આ બાબતો આપના માટે પણ 100 % થઈ જશે.

**૧. અનુગ્રહ (કૃપા) :** યોહાન ૧: ૧૬,૧૭

**૨. દેવનો પ્રેમ** : યોહાન ૩  : ૧૬

**૩. આનંદ** : ૨જો કરંથી ૧: ૧૫, ગી.શા.૧૬:૧૧

**૪. દેવ સાથે સમાધાન** : ૧લો થેસ્સા. ૧  : ૧૦

**૫. દેવની શાંતિ** : યશાયા ૯  : ૬, યોહાન ૧૪: ૨૭

**૬. સ્વાસ્થ્ય, સાજાપણુ** : ૧લો પિતર ૨:૨૦,યશાયા ૫૩ : ૪,માથ્થી ૮ : ૧૭

**૭. શેતાન અને પાપથી છુટકારો** : માથ્થી ૧ : ૨૧, ૧લો યોહાન ૩: ૮

**૮. પાપોની ક્ષમા** : એફેસી ૧  : ૭, કોલોસી ૧  : ૧૪

**૯. ગરીબીથી મુક્તિ**: ૨જો કંરિથી ૮ : ૯


Spiritual Ignite Youth (C) Copyright (15th August , 2020) All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

**૧૦. ઈબ્રાહિમના આશીર્વાદો અને સફળતા :**ગલાતી ૩:૧૩, ૩ યોહાન
**૧૧. પવિત્ર આત્માનું સામર્થ અને બાપ્તિસ્મા:** યોહાન ૧: ૩૩, પ્રે.કૃ ૧ : ૮
**૧૨. ભરપૂર જીવન :** યોહાન ૧૦:૧૦
**૧૩. અનંત જીવન (મૃત્યુની પછીનું જીવન):** યોહાન ૩ : ૩૬
**૧૪. વિજયવંત-જીવન :** ૨જો કંરિથી ૨: ૧૪
**૧૫. દેવી રક્ષણ અને સુરક્ષા :** યોહાન ૬:૩૭, યોહાન ૧૦: ૨૮
**૧૬. અતિ ઘણા આશિષો :** રોમન ૮ : ૩૨, એફેસી ૧ : ૩

**આવો આ સઘળી બાબતોને પરમેશ્વર પાસેથી માંગીએ તે સઘળી આપણી છે, આવો આપણે તેને પોતાના હકથી લઈ લઈએ. પોતાના આત્મિક અંધાપા અને અજ્ઞાનતાથી છૂટકારો પામીએ, અને આપણે એ જોઈએ જે આપણા માટે ઉપલબ્ધ છે. જે ખ્રિસ્ત ઈસુની સાથે પહેલેથી આપણને પ્રાપ્ત થયું છે આ સઘળું આપણું છે, આપણે સમસ્યાઓ પર દુ:ખ કરવાનું બંધ કરીએ અને સમાધાનોની તરફ જોઈએ આપણે આત્મિક અધિકારોનાં ક્ષેત્રને જોઈએ ઓહ! આ સઘળું આપણું છે અને પરમેશ્વર પણ આપણા છે, કેમકે આપણે ખ્રિસ્તના છીએ.**


**પ્રભુની સ્તુતિ થાઓ.**

Spiritual Ignite Youth (C) Copyright (15th August , 2020) All Rights Reserved

Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

# ૫. બાઈબલ અને વિજ્ઞાન :-





**"આકાશો ઈશ્વરનું ગૌરવ પ્રસિદ્ધ કરે છે; અને અંતરિક્ષ તેમના હાથનું કામ દર્શાવે છે. તેઓનો વિસ્તાર આખી પૃથ્વીમાં છે, અને જગતના છેડા સુધી તેઓની સાક્ષી ફેલાએલી છે. તેઓમાં ઈશ્વરે સૂર્યને માટે મંડપ ઊભો કર્યો છે. તે પોતાના ઓરડામાંથી નીકળતા વરરાજા જેવો છે, તે બળવાન માણસની જેમ પોતાની શરત દોડવામાં આનંદ માને છે. આકાશને એક છેડેથી તે નીકળી આવે છે, અને તેનું પરિક્રમણ તેના બીજા છેડા સુધી છે. તેની ઉષ્ણાતા વગર કોઈ રહી જતું નથી."**

**ગીતશાસ્ત્ર 19:1, 4-6**

**વૈજ્ઞાનિકોની ચેતવણી, સૂર્ય પર સનસ્પોટમાં થયો મોટો ફેરફાર, પૃથ્વી માટે મોત સમાન આપણો સૂર્ય 11 વર્ષથી લોકડાઉનમાં હતો. હવે તે જાગ્યો છે. તેમાં એક મોટો સનસ્પોટ જોવા મળ્યો છે. એટલે કે સૌર ડાઘ. આ ડાઘ એટલો મોટો છે કે તેમાંથી નીકળતી સૌર જ્વાળાઓ એટલે કે સૌર ફલેયર્સ પૃથ્વીને નુકસાન પહોંચાડી શકે છે. આ સૌર જ્વાળાઓ પૃથ્વીની સંચાર પ્રણાલીને વિક્ષેપિત કરી શકે છે. ઉપગ્રહ સંચારને અસર થઈ શકે છે. નેવિગેશન વગેરેમાં સમસ્યા આવી શકે છે એટલે કે હવા અને દરિયાઈ ટ્રાફિકમાં સમસ્યા ઉભી થઈ શકે છે. વૈજ્ઞાનિકોએ એ વાતને માની છે કે દર 11 વર્ષે સૂર્યની સપાટી પર ઘણા ફેરફારો થાય છે. તે છેલ્લા 11 વર્ષોથી શાંત હતો. પરંતુ હવે તેમાં હલચલ મચી ગઈ છે. તાજેતરમાં જ સૂરજમાં એક મોટી જગ્યા જોવા મળી છે. AR2770 નામનો આ સનસ્પોટ પૃથ્વી તરફ ઘૂમી રહ્યો છે અને આગામી દિવસોમાં તેનો આકાર મંગળ કરતા. પણ મોટો થઈ શકે છે તેવી વૈજ્ઞાનિકોની ચેતવણી છે. સૂર્યમાં દેખાયેલા AR2770 સનસ્પોટની પહેલી તસવીર અમેરિકાના ફલોરિડાના રહેવાસી અને એસ્ટ્રોનોમર માર્ટિન વાઈઝ લીધી હતી. એસ્ટ્રોનોમર વાઈઝ સોલર ફિલ્ટર્સ લગાડેલા 8 ઈંચના ટેલિસ્કોપથી સનસ્પોટથી તસવીર લીધી છે. આ સનસ્પોટ મંગળ ગ્રહ જેટલો મોટો છે અને તેની અંદર પણ ઘણા સ્પોટ છે જે ચંદ્રની સપાટી પરના ખાડાઓ જેવો દેખાય છે.આ સનસ્પોટમાંથી નીકળનારી સૌલર જ્વાળાઓ પૃથ્વીને તથા સેટેલાઈટ**

Spiritual Ignite Youth (C) Copyright (15th August , 2020) All Rights Reserved

Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

કમ્યુનિકેશન સિસ્ટમને તબાહ કરી શકે છે. સાથે સાથે નેવિગેશન તથા હવાઈ અને સમુદ્રી ટ્રાફિક માટે પણ અડચણરૂપ બની શકે છે. આ સનસ્પોટને AR 2770 એવું નામ અપાયું છે તથા અનેક જ્વાળાઓ તેમાંથી બહાર નીકળી છે. પૃથ્વી તરફ ફરી રહેલા આ સનસ્પોટે પૃથ્વીના વાયુમંડળમાં આયનીકરણની એક લહેર પેદા કરી નાખી છે. સૂર્ય પર બનનાર સનસ્પોટ કાળા ડાઘ હોય છે જે અવકાશમાં બનનાર તારાની તુલનામાં ઘણા ઠંડા હોય છે પરંતુ તેનું મેગ્નેટિક ફીલ્ડ એટલું મોટું હોય છે કે તે વિશાળ માત્રામાં ઉર્જા બહાર ફેંકે છે અને આ ઉર્જા સૌર જ્વાળા જેવી દેખાતી હોય છે. સોલર જ્વાળાને કોરોનેલ માસ ઈજેક્શન પણ કહેવાય છે. ઘણી વાર તો સનસ્પોટનો આકાર 50 હજાર કિલોમીટર વ્યાસનો હોય છે. સનસ્પોટમાંથી ગર્મ પ્લાઝમાના પરપોટા પણ નીકળે છે જેનો વિસ્ફોટ થતા સૌર જ્વાળાઓ ઊઠે છે.

"અને ઈશ્વરે કહ્યું, "રાત ને દિવસ જુદાં કરવા માટે આકાશના અંતરિક્ષમાં જ્યોતિઓ થાઓ; અને તેઓ ચિહ્નો તથા ઋતુઓ તથા દિવસો તથા વર્ષો ને અર્થે થાઓ."

ઉત્પત્તિ 1:14

પ્રભુ નું વચન કહે છે તે પ્રમાણે દેવે રચેલી સૃષ્ટિ તેમનું કાર્ય પ્રગટ કરે છે,ઉત્પન્નકર્તાનો મહિમા પ્રગટ કરે છે,સુર્ય અને ચંદ્ર દેવે ચિહ્નો ને માટે પણ ઠરાવ્યા છે.નાસા જે અવકાશ વિજ્ઞાનની સંસ્થા છે તેણે સંશોધન કર્યુ છે કે પહેલાની સરખામણીમાં સુર્ય અંદરથી ઠંડો થતો જાય છે,જ્યારે તારાઓ પોતાનાં મૃત્યુ તરફ ગતિ કરતા હોય છે ત્યારે આપણે એવું કહીએ છીએ કે , "તારો ખરી રહ્યો છે." ,સુર્ય પોતાનાં મૃત્યુકાળ તરફ જઈ રહ્યો હોય ત્યારે તેનું અંદરનું તાપમાન ઠંડુ થઇ જાય છે અને બહારનું તાપમાન ખુબજ વધી જાય છે.ખ્રિસ્તનાં આગમનનાં દિવસો પાસે છે ત્યારે સુર્યમાં થઇ રહેલી આ ગતિવિધિઓ દેવનાં લોકો માટે એક ચિહ્ન રૂપ છે.માથ્થીનાં પુસ્તકમાં લખ્યું છે તે પ્રમાણે "અને તે દિવસોની વિપત્તિ પછી સૂરજ તરત અંધકારરૂપ થઈ જશે, ને ચંદ્ર પોતાનું અજવાળું નહિ આપે, ને આકાશથી તારા ખરશે, ને આકાશનાં પરાક્રમો હલાવાશે." માથ્થી 24:29 એનો મતલબ એ કે ,સુર્ય પ્રકાશવાનું બંધ કરી દેશે એટલે સુર્યનો અંત આવશે.સુર્ય જે તારો છે તે ખરી જેશે અને નાશ થઇ જશે.મિત્રો ,જુઓ વિજ્ઞાન પણ સાબિત કરે છે પરમેશ્વરનાં વચનને ,શું આપણે તૈયાર છે ખ્રિસ્ત સાથે જવાને માટે : આજે જ પોતાનાં જીવનને તપાસીએ અને ખ્રિસ્ત જે તારણહાર છે તેની પાસે પાછા આવીએ.

Spiritual Ignite Youth (C) Copyright (15th August , 2020) All Rights Reserved

Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

# ૬. ઈગ્નાઈટ બાઈબલ મનન:- “આત્મિક કોટ બાંધવો”

**બાઈબલ વાંચન :નહેમ્યા ૪:૭-૯**

**આધાર વચન:...પણ અમે અમારાં દેવની પ્રાર્થના કરી.નહેમ્યા ૪:૯**

વહાલા ઈગ્નાઇટ મિત્રો, ખ્રિસ્ત ઈસુમાં પ્રેમી સલામ ,

ગત દિવસોની પ્રાર્થના સાંકળ દરેક ને માટે આશીષ નું કારણ બની,માટે માત્ર ઈશ્વરનો જ આભાર.પણ આપણે આવી જ રીતે આત્મિક રીતે આગળ વધતા જઇયે.

ગુલામીમાં જવાને કારણે,યરૂશાલેમ ની સ્થિતી ખુબજ ગંભીર હતી,નહેમયા ૧:૧-૩ કલમોમાં નહેમયા યરૂશાલેમ ની અધમ દશા વિશે સાંભળે છે.

૧. તેઓ મહાસંકટમાં તથા અધમ દશામાં છે.

૨. યરુશાલેમનો કોટ પણ તોડી પાડવામાં આવેલો છે.

૩. તેનાં દરવાજા પણ બાળી નાખવામાં આવેલા છે.

આપણે જાણીએ છીયે કે,આપણો ખ્રિસ્તી સમાજ આત્મિક રીતે મહાસંકટમાં અને અધમ દશામાં પડેલા છે. આત્મિક ખોટ ને લીધે ઘણા લોકો એ શહેરનાં કોટ રૂપી(રક્ષણ,સામર્થ્ય) દેવના અભિષેકને ગુમાવી દીધો છે. (કોટ તોડી પાડવામાં આવેલો છે. )


યરુશાલેમની આસપાસ ઘણી બધી પ્રજાઓ રહેતી હતી ,અરબો ,અમ્મોનીઓ તથા આશ્દોદીઓ વગેરે સાન્બાલાટ ,ટોબીયા એ યરુશાલેમના વિરોધીઓ હતા,અને જયારે દેવની ઈચ્છામાં નહેમ્યા અને યહુદીઓએ યરુશાલેમનો કોટ બાંધવાની અને મરામત કરીને ગાબડા પુરવાની શરૂઆત કરી ત્યારે

તેઓએ યરુશાલેમ વિરુદ્ધ લડવાની તથા તે કામમાં ભંગાણ પડવાની તે સર્વે મળીને યોજના બનાવી.

ગત દિવસોમાં થયેલી સળગતી પ્રાર્થના સાંકળો દવારા આપણે યરુશાલેમ એટલે દેવનું રાજ્ય બાંધવા માટે ,આત્મિક રીતે પડી ભાંગેલા જીવનોને મરામત કરવાની શરૂઆત કરી છે. ત્યારે દુષ્ટ શૈતાન સાન્બાલાટ ,ટોબીયા જેવા વ્યક્તિઓ દવારા આ કામ માં અવરોધ લાવશે. નહેમ્યા ૪:૭

“ તેઓએ સાંભળ્યું કે ,યરુશાલેમનાં કોટની મરામત ચાલે છે ,ને ગાબડા પુરાવા લાગ્યા છે.ત્યારે તેઓને બહુ ક્રોધ ચઢયો અને તે કામ માં રુકાવટ લાવવાની તેઓ સર્વે મળીને યોજના બનાવી “ પણ જેવી રીતે નહેમ્યા તેમજ તેના સાથી યહુદીઓએ કલમ ૯ પ્રમાણે આપણે પણ આપણા દેવની પ્રાર્થનામાં લાગુ રહેવાનું છે.અને રાત દિવસ શૈતાનની કુયુક્તિઓ પારખી જવાને માટે તેમજ તેની યોજના ને પ્રભુની સહાયથી નિષ્ફળ કરવાને માટે ખુબજ સજાગ રહેવાનું છે.અને જે આત્મિક દોડ શરુ કરી છે તેને અંત સુધી ચાલુ રાખવાની છે.

# ૭. મારો દેવ સાથેનો મુલાકાત મંડપ :- “શાંત સમય”



ઈશ્વરે મનુષ્યને પોતાની પ્રતિમામાં બનાવ્યું કે તે હંમેશને માટે તેમની સ્તુતિ કરે અને તેમનો મહિમા કરે.પોતાના જીવનમાં ઈશ્વરની ઈચ્છા શોધવી એ મનુષ્યની પ્રથમ ફરજ બને છે,અને ઈશ્વરની ઈચ્છા આપણે તેમના અદભૂત વચનો દ્વારા તેમજ પવિત્રઆત્માની ખાતરી દ્વારા શોધી શકીએ છીએ.અને તે શોધવા માટે એક અલાયદો સમય ,તે માટેનો રસ કેળવવો પડે છે અને આપનો પોતાનો વ્યક્તિગત મુલાકાત મંડપ બનાવવો પડે છે જ્યાં આપણે ઈશ્વર સાથે મુલાકાત લઇ શકીએ.શું આપણી દિનચર્યા માં ઈશ્વરનો મુલાકાત મંડપ છે? શું આપણે જુવાન તરીકે આપણા સર્જનહાર નું સ્મરણ કરીએ છીએ ?

આપણા મહાન અને જીવતા ઈશ્વર સાથે વ્યક્તિગત સંબંધ કેળવવા માટે આપણા પ્રયત્નો કેવા છે ? નિર્ગમન ૩૩ માં કલમ ૧૧ માં કહ્યું છે તે પ્રમાણે કે ,અને જેમ માણસ  પોતાના મિત્રની સાથે વાત કરે,તેમ યહોવા મુસાની સાથે મોઢામોઢ વાત કરતો....ઈશ્વર પોતાના પ્રતિમા પ્રમાણે બનાવેલા માણસને સાથે વાત કરવા માંગે છે તેમની દરેક પરિસ્થિતિમાં દોરવણી આપવા માંગે છે,શું ઈશ્વરને મિત્ર બનાવવા માટે તેમની સાથે બધી જ વાતો share કરવા માટે શું તમે ready છો ? નીતિવચન ૧૮:૨૪ કહે છે તે પ્રમાણે જે ઘણા મિત્રો કરે છે તે પોતાનું નુકશાન વહોરે છે;પરંતુ એક એવો મિત્ર છે કે જે ભાઈના કરતા નિકટનો સબંધ રાખીને રહે છે.આવો આપણે શીખીએ કે આપને આપણો મુલાકાત મંડપ કેવી રીતે બનાવીએ?

ઈશ્વરે મનુષ્યને પોતાની પ્રતિમામાં બનાવ્યું કે તે હંમેશને માટે તેમની સ્તુતિ કરે અને તેમનો મહિમા કરે.પોતાના જીવનમાં ઈશ્વરની ઈચ્છા શોધવી એ મનુષ્યની પ્રથમ ફરજ બને છે,અને ઈશ્વરની ઈચ્છા

## ૭. મારો દેવ સાથેનો મુલાકાત મંડપ :- “શાંત સમય”

આપણે તેમના અદભૂત વચનો દ્વારા તેમજ પવિત્રઆત્માની ખાતરી દ્વારા શોધી શકીએ છીએ.અને તે શોધવા માટે એક અલાયદો સમય ,તે માટેનો રસ કેળવવો પડે છે અને આપનો પોતાનો વ્યક્તિગત મુલાકાત મંડપ બનાવવો પડે છે જ્યાં આપણે ઈશ્વર સાથે મુલાકાત લઇ શકીએ.શું આપણી દિનચર્યા માં   ઈશ્વરનો મુલાકાત મંડપ છે?શું આપણે જુવાન તરીકે આપણા સર્જનહાર નું સ્મરણ કરીએ છીએ ? આપણા મહાન અને જીવતા ઈશ્વર સાથે વ્યક્તિગત સંબંધ કેળવવા માટે આપણા પ્રયત્નો કેવા છે ? નિર્ગમન ૩૩ માં કલમ ૧૧ માં કહ્યું છે તે પ્રમાણે કે ,અને જેમ માણસ  પોતાના મિત્રની સાથે વાત કરે,તેમ યહોવા મુસાની સાથે મોઢામોઢ વાત કરતો....ઈશ્વર પોતાના પ્રતિમા પ્રમાણે બનાવેલા માણસને સાથે વાત કરવા માંગે છે તેમની દરેક પરિસ્થિતિમાં દોરવણી આપવા માંગે છે,શું ઈશ્વરને મિત્ર બનાવવા માટે તેમની સાથે બધી જ વાતો share કરવા માટે શું તમે ready છો ? નીતિવચન ૧૮:૨૪ કહે છે તે પ્રમાણે જે ઘણા મિત્રો કરે છે તે પોતાનું નુકશાન વહોરે છે;પરંતુ એક એવો મિત્ર છે કે જે ભાઈના કરતા નિકટનો સબંધ રાખીને રહે છે.આવો આપણે શીખીએ કે આપને આપણો મુલાકાત મંડપ કેવી રીતે બનાવીએ? વ્હાલા ઈગ્નાઈટ મિત્રો , આપણે બાઈબલ મનન શરુ કર્યું છે  તો આપ દરેક વ્યક્તિ પોતાનો મુલાકાત મંડપ (દેવને મળવા માટેનો સમય) બનાવી લો ,દેવ દરેક ને અદભૂત રહસ્યમય અને ગુઢ વાતો પ્રગટ કરશે.એવો હું વિશ્વાસ કરું છું.

**વિડીયો જોવા નીચેના ચિત્ર પર ક્લિક કરો**

Spiritual Ignite Youth (C) Copyright (15th August , 2020) All Rights Reserved

Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com



# ૭. મુલાકાત મંડપ બનાવવાનો નમૂનો :-

## આપણો દૈનિક શાંત સમય કેવી રીતે શરુ કરવો ?

### ૧) એક એવો સમય નક્કી કરો એવો સમય જયારે તમે ઉત્તમ સ્થિતિમાં હોવ ,

વહેલી સવાર ખરેખર શાંત સમય માટેનો ઉત્તમ સમય છે,બાઈબલમાંનાં પાત્રો ઈબ્રાહીમ,મુસા,હાન્ના,ઐયુબ,હિઝીકીયા,દાઉદ,દાનીયેલ અને ઇસુ ખ્રિસ્ત પોતે જેઓ સવારે ઈશ્વરની સાથે સમય ગાળતા હતા.

જયારે **સવારની શરૂઆત** થાય ત્યારે પ્રથમ આપણે ઈશ્વરની સાથે શાંત સમય માટે સમય ગાળીએ અને દિવસની શરૂઆતમાં ઈશ્વરની સંગતને પ્રાથમિકતા આપીએ.

### ૨) શાંત સમય માટે કેટલો સમય ફાળવશો : ત્રણ માર્ગદર્શિકા

૧) ૧૫ મિનીટ થી શરૂઆત કરો અને થોડો થોડો સમય વધારતા જાઓ.

૨) ઘડિયાળના સમય ને જોશો નહિ.

3) તેની ગુણવત્તા (quality) પર ભાર આપો ભલે સમય કેટલો પણ જાય.

### 3). ચોક્કસ સ્થળ પસંદ કરો .

Spiritual Ignite Youth (C) Copyright (15th August , 2020) All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

એવું સ્થળ પસંદ કરવું જોઈએ જ્યાં તમને કોઈ પણ ખલેલ ન પહોચે,અને તમે શાંત ચિત્તે ઈશ્વરના વચનો વિષે મનન કરી શકો.

***લુક ૨૨:૩૯*** "બહાર નીકળીને તે પોતાની રીત પ્રમાણે (દૈનિક રીત) ***જૈતુન પહાડ*** પર ગયો;શિષ્યો પણ તેની પાછળ પાછળ ગયા,તે તે ઠેકાણે આવ્યો ત્યારે તેણે તેઓને કહ્યું કે પ્રાર્થના કરો કે તમે પરિક્ષણમાં ન પડો."
***માર્ક ૧:૩૫*** "અને સવારે પોહ ફાટતા પહેલા ઘણો વહેલો ઊઠીને તે બહાર ગયો,ને ***ઉજ્જડ ઠેકાણે*** જઈને તેણે ત્યાં પ્રાર્થના કરી."

# ૭. મુલાકાત મંડપ બનાવવાનો નમૂનો :-

## ૪ ). તમારી જરૂરિયાતની સામગ્રી ભેગી કરી લો .

૧. તમારું બાઈબલ
૨. નોટબુક – ઈશ્વર તમારી સાથે જે વાત કરે તે લખવા અને તમારી પ્રાર્થના વિનંતીઓ માટે
૩. સોંગ બુક – ચોક્કસ દેવની સ્તુતિ આરાધના કરવા માટે તે લો
૪. બોલપેન – જે પ્રભુ તમને જણાવે તે લખી લેવા માટે

## ૫ ). એક સાચા અને સારા અભિગમથી શરૂઆત કરો .

૧. REVERENCE (આદર): ગી.શા ૪૬:૧૦ " છાના રહો નિશ્ચે જાણો કે હું દેવ છું."
૧. EXPECTANCE (અપેક્ષાઓ): ગી.શા ૧૧૯:૧૮ "તારા નિયમશાસ્ત્રમાંની આશ્ચર્યકારક વાતોનું અવલોકન કરવા સારું મારી આંખ ઉઘાડ."
૧. OBEDIENCE (આધિનતા): માથ્થી ૬:૩૩ "


Spiritual Ignite Youth (C) Copyright (15th August , 2020) All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

“પવિત્ર આત્મા પદ્ધતિઓ દવારા વહેતો નથી, પરંતુ મનુષ્ય દવારા. તે મંડળીની સાધનો-વસ્તુઓ અને યંત્ર સામગ્રીઓ  ઉતરતો  નથી, પરંતુ મનુષ્ય ઉપર ઉતરી આવે છે. તે  યોજનાઓ નો અભિષેક કરતો નથી, પરંતુ પ્રાર્થના યોદ્ધાઓ નો અભિષેક કરે છે.”

- ઈ.એમ.બાઉન્ડસ

Spiritual Ignite Youth (C) Copyright (15th August , 2020) All Rights Reserved

Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

**इग्नाईट यूथ का उद्भव :-**

स्वर्गीय पिता परमेश्वर,
इन जवानोके मनके अंदर
तूने एक ऐसा दीपक जलाया,
ताकि वो तेरे नामकी महिमा के लिए
ऐसी मीटिंगों का आयोजन करे

**इग्नाईट यूथ का अर्थ :-**

🔥Ignite का मतलब है सुलगाना
तूने पवित्र आत्माकी आग, -
इनके अंदर जलाया प्रभुजी
इस लिए धन्यवाद प्रभुजी
इस लिए धन्यवाद प्रभुजी
और हम प्रार्थना करते है ,
ये आग बुझने न पाए
ये आग बुझने न पाए ,
ये आग बुझने न पाए

**इग्नाईट यूथ का दर्शन :-**

देश के उद्धार के लिए ( दर्शन-१ );
लोगोके छुटकारे के लिए(दर्शन-२);
कलिसिया के खड़े रहने के लिए (दर्शन-३);
और जवानोके छुटकारे के लिए (दर्शन-४);

**इग्नाईट यूथ का चरित्र :-**

दुनिया की आराधना करनेवाले नहीं
पैसे के पीछे भागनेवाले नहीं लेकिन
प्रभुकी प्रजाके समान रहे कर
प्रभु के गवाह ठहरने के लिए

**इग्नाईट यूथ का मसिही जीवन :-**

स्वर्गीय पिताजी एक एक पर तेरा अभिषेक भेज
जो इनको देखे वो तुजे देखने पाए
जो इनसे बात करे वो तूजे बात करने पाये
बदल डाल इनके जीवनो को,सोचको,मनसा को
हरेक व्यक्ति तेरे हाथमे बर्तन होने पाये
एक ऐसा पात्र जो इस युगमें
उपयोगी बन जाए परमेश्वर के लिए
फेरो ने पूछा इस युगमें जिसके अंदर
परमेश्वरकी आत्मा है ऐसा व्यक्ति और कौन है?

**इग्नाईट यूथ की खूबी :-**
**( पवित्र आत्मा की आग )**

ये तेरी और से ये आग है तो
ये आग बुजने न पाए
दुनिया के पानी ,दुनिया की हवा,
शैतान के पानी,शैतान की हवा,
इस आगको बुजने न पाए ,

Spiritual Ignite Youth (C) Copyright (15th August , 2020) All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

"તમે કાન વગર સાંભળવાનો અથવા ફેફસાં વગર શ્વાસ લેવાનો પ્રયત્ન કરી શકો છો,પરંતુ ખરું ખ્રિસ્તી જીવન આપણા હર્દયમાં દેવના પવિત્ર આત્માને સ્થાન આપ્યા વગર જીવી શકાતુ નથી."

\- ડી.એલ.મૂડી

## -: અંક-૬ ની બાઈબલ ક્વિઝ નાં સાચા જવાબો :-

૧.(C)-૪૦ દિવસ ,

૨.(D)-વિશ્રામવારની મજલ જેટલું,

૩.(C)-અંધકારરૂપ અને લોહીરૂપ

૪.(D)-૧૨૦ લોકો

૫.(B)-ત્રણેક હજાર

૬.(C)- ઈસુ ખ્રિસ્ત

૭.(D)–માથ્થીયસ

૮.(A)- દાઉદ રાજા

૯.(D)-લોહીનું ખેતર


૧૦.(A)- યોએલ

## -: અંક-૬ ની બાઈબલ ક્વિઝ નાં સાચા જવાબો આપનારની યાદી :-

૧. ભદ્રેશભાઈ ચૌધરી (કહેર)
૨. માર્થાબેન ચૌધરી (સુરત)
૩. પિંકલબેન ચૌધરી (ધામોદલા)
૪. કલ્પેશ ગામીત (ખૂટાડીયા)
૫. જયનાબેન ગામીત (ચાંપાવાડી)
૬. જાગૃતિબેન ચૌધરી (ઉમરકુવા)
૭. નયનાબેન પટેલ (બામણવેલ)
૮.હારુનભાઈ ચૌધરી (બેડકુવા)
૯. રીનાબેન ગામીત (રતનિયા)
૧૦. સરલાબેન ચૌધરી (બાજીપુરા)
૧૧.નિમિષભાઈ મોગેરા (સુરત)
૧૨. વર્ષાબેન ગામીત (જામણકૂવા)
૧૩. ખુશી ગામીત (બેડકુવા)
૧૪. પ્રિન્સકુમાર ગામીત (બેડકુવા)
૧૫. મિતુલકુમાર ગામીત (કલમકૂઈ)

**તમારું ક્વિઝનું પરિણામ જોવા અહીં ક્લિક કરો**

Spiritual Ignite Youth (C) Copyright (15th August , 2020) All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com




# “ઈગ્નાઈટ પ્રાર્થના સાંકળ-૫ ”

## તા.૦૨.૦૯.૨૦૨૦ ગુરુવાર નાં રોજ

**શું તમે આવનાર પ્રાર્થના સાંકળમાં ભાગ લેવા માંગો છો ,તો ૮૯૮૦૨૫૩૦૪૮,૮૮૪૯૨૯૭૪૬૦ નંબર પર તમારું નામ,ગામનું નામ,મોબાઈલ નંબર,તેમજ તમારો સાનુકુળ સમય મોકલી આપશો,વધુ માહિતી પછીથી મોકલવામાં આવશે, અત્યાર સુધી ઇગ્નાઈટ યુથ દવારા ચાર જેટલી પ્રાર્થના સાંકળનું આયોજન કરવામાં આવેલ છે,અને પ્રભુનો મોટો મહિમા થયેલ છે,જો તમારી કોઈ પણ પ્રાર્થના વિંનતી છે તો તે પણ તમે મોકલી શકો છો,એ વિનંતીઓ માટે પ્રાર્થના કરવામાં આવશે.**

**પ્રાર્થના સાંકળ રાત્રે ૧૨:00 વાગ્યાથી શરુ થશે અને બીજે દિવસે ૧૨:00 વાગ્યા સુધી એમ ૨૪ કલાક સુધીની રહેશે.જે પ્રાર્થના યોદ્ધાઓ જોડાવા માંગે છે તેઓ એ ૨૪ કલાક માંથી પસંદગી નો એક કલાક પોતાના જ ઘરે પ્રાર્થનામાં બેસવાનું રહેશે,અને જયારે**

**પણ પ્રાર્થના માં બેશો ત્યારે પહેલા ઉપરોક્ત નંબર પર “Praying” લખીને SMS અથવા વોટસએપ પર પ્રાર્થનાનું ચિહ્ન મોકલવાનું રહેશે.**

**પ્રાર્થના સાંકળમાં જોડાવા સંપર્ક કરો**

**૮૯૮૦૨૫૩૦૪૮,૮૮૪૯૨૯૭૪૬૦**

Spiritual Ignite Youth (C) Copyright (15th August , 2020) All Rights Reserved

Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

## “સ્પિરીચ્યુઅલ ઇગ્નાઈટ યુથ”

**મેગેઝિન નાં રજીસ્ટ્રેશન ની લીંક નીચે આપેલ છે,આ મેગેઝિન ની કોઈ લવાજમ નથી ,તદન મફત છે,ફકત તમારે ફોર્મ ભરવાનું છે. જો આપ આ મેગેઝિન દ્વારા આશીર્વાદિત થયા છો તો તમારી સાક્ષી અને પ્રતિભાવો તમે WHATSUP કરી શકો છો.અને જો પ્રભુ તમને આત્મિક લેખ,સંદેશો,ગીતો (કોઈ પણ ભાષામાં) આપે છે તો તે તમે અમોને ઈમેલ / WHATSUP દ્વારા મોકલી શકો છો.બાઈબલ ક્વિઝનાં ઉત્તરો તમે 8980253048,8849297460 નંબર પર SMS/WHATSUP કરી શકો છો.તમારી પ્રાર્થના વિનંતીઓ પણ તમે મોકલી શકો છો.અમારા પ્રાર્થના યોદ્ધાઓ દ્વારા પ્રાર્થના કરવામાં આવશે.અમોને પણ આપની પ્રાર્થનાઓ માં ધરી રાખશો.જે તેડુ દેવે અમને આપ્યું છે તે પૂરું કરવા દેવ અમને કૃપા આપે અને તેના પવિત્ર આત્મા દ્વારા અમને ચલાવે. આભાર**

**મેગેઝિન રજીસ્ટ્રેશન માટે અહી ક્લિક કરો**

Instagram/spiritualigniteyouth/
Facebook.com/igniteyouth2018/
Youtube.com/spiritualignite/
www.spiritualigniteyouth.com
spiritualigniteyouth@gmail.com